

ડીસા ના ધૂળિયા કોટ માળીવાસ વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહ થી પીવાનું પાણી ના આવતા લોકો ને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે ત્યારે પીવાના પાણી વગર કંટાળેલી સ્થાનિક મહિલાઓએ આજે નગરપાલિકા વિરોધી સુત્રોચાર કરી રોષ ઠાલવ્યો હતો. ડીસા ના ધૂળિયાકોટ માળીવાસ વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહ થી પીવાનું પાણી ના મળતા લોકો ત્રાહિમામ પોલકારી ઉઠ્યા છે જેમાં ધૂલિયકોટ વિસ્તારમાં પીવાના પાણી માટે લોકો વલખા મારી રહ્યા છે અને નગરપાલિકા દ્વારા પૂરું પાડવામાં આવતું પાણી ના મળતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે આ બાબતે સ્થાનિક રહીશોએ નગરપાલિકામાં વારંવાર રજુઆત કરવા છતાં હજુ સુધી તેમની પીવાના પાણીની સમસ્યા હલ થઈ નથી જેથી આ વિસ્તારના લોકો આજે રોષે ભરાયા હતા અને નગરપાલિકા અને પાલિકા પ્રમુખ વિરોધી સુત્રોચાર કર્યો હતા અને તાત્કાલિક તેમની સમસ્યા હલ કરી પીવાનું પાણી પૂરું પાડવામાં નહિ આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી....

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગણપતિદાદાનું વાજતે-ગાજતે સ્થાપન

અરવલ્લી, તા. ૫

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સોમવારે ગણેશ ચતુર્થીના દિવસે ઠેર-ઠેર ગણેશજીની પ્રતિમાનું સ્થાપન વાજતે-ગાજતે કરવામાં આવ્યુ હતુ. બન્ને જીલ્લાઓના વાતાવરણમાં ગણપતિ બાપા મોરિયાના જયઘોષ ગુંજી ઉઠ્યા હતા. દૂંદાળા દેવ વિઘ્નહર્તા ગણપતિદાદા ભક્તજનો દ્વારા જાહેર સ્થળોએ ધંધા-રોજગારના સ્થળો તેમજ ઘરે-ઘરે ગણપતિદાદાનું સ્થાપન કરી ભક્તિમાં લીન બની ગયા હતા. બન્ને જિલ્લાના મુખ્ય શહેરોમાં વિવિધ ગણપતિ યુવક મંડળ દ્વારા ૧૦ દિવસ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગણેશ મહોત્સવ અને ગણેશ સ્થાપનાની ઉજવણી ઉમંગભેર કરવા માટે ગણેશજીના ભક્તોએ મહિના પહેલા પૂર્વ તૈયારીઓ હાથ ધરી સોમવારે ગણેશ ચતુર્થીના દિવસે બેન્ડ અને ડી.જે.ના તાલે ગણેશજીની પ્રતિમાનું ઠેર ઠેર સ્થાપન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના



મુખ્ય મથક મોડાસા, બાયડ, મેઘરજ, માલપુર, ભીલોડા, ધનસુરા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગરના વિવિધ યુવક મંડળો દ્વારા દૂંદાળાદેવ ગણપતિ દાદાની મૂર્તિનું રંગેચંગે સ્થાપન કરતા બન્ને જિલ્લાનું વાતાવરણ ગણેશમય બની ગયુ હતુ.

મોડાસા તાલુકાના મહેડાસણ ગામે આવેલા રીદ્ધિ-સિદ્ધિ ગણપતિ મંદિરમાં ગણેશ ભગવાનના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ જામી હતી અને મેઠાસણ મંદિરની નજીકમાં ભરાતા ગણેશચતુર્થીના પરંપરાગત લોકમેળામાં માનવ મહેરામણ ઉમટ્યુ હતુ. બન્ને જિલ્લાના યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવને યાદગાર બનાવવા રાત્રી દરમ્યાન સાંસ્કૃતિ કાર્યક્રમો અને વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

મોડાસા શહેરમાં રામપાર્ક યુવક મંડળ, મેઘરજ રોડ યુથ જેડશન, સાંઈ ગૃપ યુવક મંડળ, ભોઈવાડા યુવક મંડળ, અમરદીપ યુવક મંડળ, કડીયાવાડા વિસ્તાર, નાલંદા-૨, ઉત્સવવેલી અને બાલકદાસજી મંદિર દ્વારા ગણેશોત્સવ ઉજવાશે. મોડાસાના પ્રસિદ્ધ ડિપ વિસ્તારમાં આવેલા શ્રી મનોકામનાસિદ્ધિ વિનાયક મંદિર દ્વારા ભગવાન વિનાયકની ભવ્ય અને નયનરમ્ય ઈકોફ્રેન્ડલી મૂર્તિની શોભાયાત્રામાં અનેરૂ આકર્ષણ જમાવ્યુ હતુ.

મોડાસાના સર્વોદયનગર વિસ્તારના માર્ગોપર ઠેર ઠેર ભરાયેલા વરસાદી પાણી અને ગંદકીમાંથી ગણપતિદાદાના ભક્તોને પસાર થવુ પડતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો અને નગરપાલિકા તંત્ર દ્વારા વરસાદી પાણીનો નીકાલ કરવામાં આવે અને ગંદકી હટાવવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી હતી.

# પ્રાંતિજમાં ગણેશોત્સવમાં ઉલ્લાસભર્યા માહોલમાં પ્રારંભ

## વાજતે-ગાજતે ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ સાથે પંડાલો સુધી લઈ જવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકામાં ગણેશ મહોત્સવનો આજથી પ્રારંભ થયો છે. ત્યારે વિવિધ ગણેશ મંડળો દ્વારા વિઘ્નહર્તા દુંદાળા દેવની અવનવી મૂર્તિઓનું વાજતે-ગાજતે ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ સાથે પંડાલોમાં દસ દિવસ માટે સ્થાપન કરવામાં આવ્યું છે.



પ્રાંતિજ સહિત તાલુકામાં ગણેશ મંડળો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન ગણેશની મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવ્યું છે જેમાં પ્રાંતિજ આંટીયાવાસના લાલા બાદશાહ તરીકે ઓળખાતા વિઘ્નહર્તા દુંદાળા દેવની મૂર્તિ તેમના પંડાલ સુધી ગણેશ ભક્તો દ્વારા ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ સાથે ડીજેના તાલે પ્રાંતિજમાં નગરયાત્રા કાઢવામાં આવી હતી. જ્યોર બજારથી લઈ મહોલ્લાઓ પોળો આગળ દાદાની સવારી આવતા ગણેશ ભક્તો દ્વારા પુષ્પવર્ષા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ રેલવે સ્ટેશન, તપોધન ફડી, પંડ્યા વાસ, ગુર્જરની પોળ, ગોપીનાથ સોસાયટી, અનંતવિલા, વાઘેલાવાસ વગેરે જગ્યાએ વિવિધ મંડળો દ્વારા દાદાની સ્થાપના કરવામાં આવી છે અને સવાર સાંજ દાદાની આરતી ઉતારી દરરોજ દાદાને ભાવતા ભોજન પ્રસાદ જમાડીને દસમાં દિવસે દાદાને વાજતે-ગાજતે વિદાય આપવામાં આવશે.

# મહેસાણાના લાંઘણજ ગામે દારૂના અડ્ડા પર દરોડા

મહેસાણા, તા. ૫

મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલીકની સૂચના મુજબ મહેસાણા લોકલક્રાઈમ બ્રાંચના અધિકારીએ સ્ટાફ સાથે જિલ્લાના લાંઘણજ પોલ.સ્ટે.ની હદના મંડાલી ગામની સીમમાં આવેલ એક તબેલામાં દારૂ અંગે દરોડો પાડી ૫૨૬ દારૂ ભરેલી પેટીઓ તેમજ ત્રણ વાહનો મળી કુલ ૨૨ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી આ સંદર્ભે એક શખ્સની ધરપકડ કરી હતી.

મહેસાણા જિલ્લામાં દારૂની બદીને ડામવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકે આપેલ સૂચના મુજબ જિલ્લા એલસીબી તથા લાંઘણજ પોલીસે સંયુક્ત રીતે મંડાલી ગામની સીમમાં આવેલ એક ઢોર બાંધવાના તબેલામાં કેટલાક માણસો ભેગા મળી પરપ્રાંતમાંથી ટ્રક મારફતે ગેરકાયદે દારૂની આયાત કરી મળતીયા મારફતે વાહનોમાં ગ્રાહકોને દારૂની ડીલીવરી કરતા હોવાની મળેલ હકિકતના આધારે આ સ્થળે અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં સ્થળ પરથી કુલ ૫૨૬ દારૂ અને બિયરની પેટીઓનો જથ્થો તેમજ ત્રણ વાહનો મળી કુલ ૨૨,૦૪,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી આ સંદર્ભે પ્રભુરામ ભીખારામ બિસ્નોઈની ધરપકડ કરી હતી. પકડાયેલ શખ્સ રાજસ્થાનના સોજનસીટી તાલુકાના લાણીયા બિસ્નોઈ કી ખાણીનો હોવાનું પોલીસે જણાવ્યું છે.

આ અંગે એલસીબી પોલીસ ઈન્સ્પેકટર આર.એસ. પટેલે એક મહિલા સહિત પાંચ ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ લાંઘણજ પોલીસમથકે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ આરંભી છે.



## પાલનપુર શહેરમાં ઠેર-ઠેર વાજતે ગાજતે ગણેશજીની સ્થાપના

પાલનપુર શહેરમાં ઠેર-ઠેર સ્થળો એ વાજતે ગાજતે ગણેશ ચર્તુથી ના દિવસે ગણેશજી ની સ્થાપના કરી ગણેશ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે.પાલનપુર શહેર ના હાર્દ સમા ગુરુનાનક ચોક વિસ્તાર ખાતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ગોળાઈ કા રાજા ના મહોત્સવ માં ૫ દિવસ સુધી નામી કલાકારો નો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ નું પણ આયોજન કરવામાં આવ્યું છે.આજે પાલનપુર શહેર માં ગણપતિ દાદા ની મૂર્તિ ની શોભાયાત્રા નીકાળવામાં આવી હતી.ગણપતિ બાપા મોરીયા ના નાદ ના ગુંજ સાથે ગણેશ ની સ્થાપના કરવામાં આવી હતી.આ પ્રસંગે ગણેશ ઉત્સવ સમિતિ ના પ્રમુખ દિનેશભાઈ પંચાલ, ટ્રસ્ટી પ્રકાશભાઈ અગ્રવાલ સહીત ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા કોલેજમાં હોસ્પિટાલીટી મેનેજમેન્ટ કોર્સનો આરંભ

ખેડબ્રહ્મા, તા. ૫

તા. ૨-૯-૨૦૧૬ના રોજ ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કામર્સ કોલેજ ખેડબ્રહ્મા અને ડિમ્સ ઈન્સ્ટીટ્યૂટના સંયુક્ત ઉપક્રમે હોસ્પિટાલીટી મેનેજમેન્ટ કોર્સનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજના આચાર્ય એન.ડી. પટેલે કાર્યક્રમની ભૂમિકા તેમજ ડિમ્સ ઈન્સ્ટીટ્યૂટના રવિભાઈ અને કેશરભાઈ ભીલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં અંબિકાબેન સુથાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. રોહિતભાઈ દેસાઈ અને હરપાલસિંહ ચૌહાણે કર્યું હતું અને આભારવિધિ ડૉ. દિલિપભાઈ સૌંદરવાએ કર્યું હતું.

# મોડાસા મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે અરવલ્લી જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એવોર્ડ સમારોહ યોજાયો

મોડાસા, તા. ૫

મોડાસા ટાઉન હોલ ખાતે શિક્ષક દિન નિમિત્તે અરવલ્લી જિલ્લાના શિક્ષકોનો પારિતોષિક એવોર્ડ સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સા. કાંઠાના સંસદ સભ્યશ્રી દિપસિંહ રાઠોડ, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકો, માધ્યમિક શિક્ષકો, આચાર્યશ્રીઓ, આણંગણવાડી કાર્યકરો, મોડાસાના તાલુકા પ્રમુખશ્રી તેમજ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પાયાનું અને ગુણવત્તા સભર શિક્ષણ આપવાની સાથે શૈક્ષણિક સ્તર સુધારવા માટે શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષકોમાં જે શિક્ષક દિન નિમિત્તે અરવલ્લી જિલ્લાના ૧૩ પ્રાથમિક શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક એવોર્ડ આપવામાં આવ્યો હતો. જિલ્લા આપવામાં આવ્યા હતા. જિલ્લા તેમજ તાલુકામાં શ્રેષ્ઠ શિક્ષકો એક શાલ એવોર્ડ અને શ્રેષ્ઠ શિક્ષકનું પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યુ



શ્રેષ્ઠ બી.આર.સી. માટે એક એવોર્ડ આપવામાં આવ્યો હતો. જિલ્લા શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષક તરીકે બે તેમજ તાલુકા કક્ષાએ ૧૦ શિક્ષકોને એવોર્ડ હતુ. શિક્ષક દિન નિમિત્તે વિદ્યા સહાયકોને મહાનુભાવો દ્વારા ફુલ પગાર થયેલા શિક્ષકોને ઓર્ડરો પણ આપવામાં આવ્યા હતા.

# મોડાસાના જેસીસ હોલમાં અંધજનોને પ્રોત્સાહિત કરાયા

## જાયન્ટસ ગ્રુપ અને જેસીઆઈ મોડાસા દ્વારા અંધજનોને સહાય કીટ વિતરણ કરાઈ

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિવિધ સેવાકીય કાર્યોમાં સતત




અગ્રેસર રહેતી જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસા અને જેસીઆઈ મોડાસા અને શ્રી સર્વોદય અંધજન મંડળ અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે રવિવારે જેસીઆઈએલ મોડાસા ખાતે જિલ્લાના અંધજન વ્યક્તિઓનું સન્માન કરી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. અંધજનોને સહાયરૂપ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોડાસા શહેરના જેસીજ હોલ ખાતે રવિવારે મોડાસાની જાયન્ટસ ગ્રુપ અને જેસીઆઈ જેવી સેવાકીય સંસ્થાઓ અને શ્રી સર્વોદય અંધજન મંડળ અરવલ્લી દ્વારા જિલ્લાના ૫૦૦થી વધુ ઉપસ્થિત અંધજન વ્યક્તિઓને સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લાના અંધજન બાળકોને સ્કૂલબેગ, શાલ, સ્ટીક આપવામાં આવી હતી.ડૉ. સંતોષ દેવકર (લેખક) દ્વારા અંધજન વ્યક્તિઓ તેમજ બાળકોમાં રહેલી સુષુપ્ત અવસ્થા બહાર લાવવા તેમજ શિક્ષણક્ષેત્રે અને વિવિધ ક્ષેત્રે કારકિર્દી બનાવી આગળ વધે અને પગભર તેમજ સ્વતંત્ર બને તે માટે વક્તવ્ય દ્વારા પ્રોત્સાહીત કરાયા હતા. અંધજન મંડળ અરવલ્લી જિલ્લા દ્વારા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની દિવ્યાંગલક્ષી યોજનાઓનો સંપુર્ણ લાભ મળી રહે તેમજ અંધજન વ્યક્તિઓને પડતી મુશ્કેલીઓ નિવારણ માટે સતત તેમની પડખે ઉભા રહેવાની અને ઝડપી પ્રયાસો હાથ ધરવાની બાંહેધરી આપી હતી. મોડાસાના જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષીએ અંધજન વ્યક્તિઓ રમત-ગમત ક્ષેત્રે તેમજ અભ્યાસક્ષેત્રની સાથે ધંધાર્થે પડતી મુશ્કેલીઓમાં સતત તેમની હુંફ મળતી રહેશે તેમ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં જાયન્ટસ ગ્રુપના પ્રમુખ અનીષ કાવડીયા, મુકુન્દ શાહ, કે.ઓ. શાહ અંધજન મંડળના હોદ્દારો સહિત મોટી સંખ્યામાં જિલ્લાના અંધજન વ્યક્તિઓ અને તેમના પરિવારજનો હાજર રહ્યા હતા. જિલ્લાનું અંધ ક્રિકેટ ક્ષેત્રે વર્લ્ડકપ જીતાડનાર વિકાસ પટેલ, ભલાજી ડામોર દ્વારા અંધજન સહાય કાર્યક્રમની સરાહના કરવામાં આવી હતી.



સમગ્ર ભારતમાં ઠેર ઠેર ગણેશજીનીસ્થાપના કરવામાં આવી છે ત્યારે બાયડ નગરમાં પરબડી ચોક બાયડ ગામ, વૃંદાવન સોસાયટી, સહજાનંદ સોસાયટી. વલ્લભનગર, ગીરીરાજ કેમ્પસ તેમજ અનેક જગ્યા ડિ.જે. સાથે રથયાત્રા કાઢી ગણેશજીનીસ્થાપના કરવામાં આવી હતી. હિન્દુ સમાજમાં ગણેશજીનું નામ કોઈ પણ શુભ કાર્યમાં અવશ્ય લેવાય છે. ગણેશ મહોત્સવ મૂળ મહારાષ્ટ્રનો તહેવાર ગણાય છે. ગણેશ મહોત્સવ એક, ત્રણ, પાંચ, સાત તેમજ દસ દિવસે વિઘ્નહર્તા ગણેશને વિસર્જન કરવાનું હોય છે. આજે નગરમાં કેટલાંક ગણેશ યુવક મંડળો દ્વારા સાંસ્કૃતિક, ભજનકિર્તન તેમજ રાસ ગરબાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.



અરવલ્લી જિલ્લાના માર્ગો પર અંબાજી જતાં પદયાત્રીઓનો ધસમસતો પ્રવાહ શરૂ થઈ ગયો છે. ત્યારે પદયાત્રીઓને પડતી મુશ્કેલીઓ દૂર થાય તે અસરથી મોડાસા શહેરના કુંભારવાડા વિસ્તારના યુવાનો દ્વારા જય અંબે વિસામાનું આયોજન કરવામાં આવ્યું છે. સાત દિવસ ચાલનારા આ વિસામા પદયાત્રીઓને જમવાથી માંડીને શારીરિક મુશ્કેલીઓ હલ લાવવા દવાઓ અને ચા-નાસ્તો પુરો પાડવામાં આવે છે. આ વિસામાના ઉદ્ઘાટન પ્રસંગે શહેરના શ્રેષ્ઠીઓ તથા મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સતત ત્રીજા વર્ષે આયોજીત આ વિસામો માઈ ભક્તો માટે ખુબજ ઉપયોગી નિવડે છે. માઈ ભક્તોને મનોરંજન મળી રહે તે માટે દરરોજ ભજન મંડળીનું આયોજન કરાય છે. અને દરેક યાત્રી પ્રસાદ મેળવી પાવન થાય છે.